માર્ગ અને મકાન વિભાગ હેઠળ ચાલતા
મકાનો/પુલોના/ રસ્તાના કામોમાં રેડી મીક્ષ
કોક્રિંટ (RMC) ના ઉપયોગ બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૨/૭૫૧/સી-૧
૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૦૭/૨૦૨૩

સંદર્ભ: માર્ગ અને મકાન વિભાગના પત્ર ક્રમાંક: એસઓઆર/૨૦૧૩/૧૭૧/સી-૧,
તા.૧૫/૦૭/૨૦૧૩

પરિપત્ર ::

માર્ગ તથા પુલોના કામમાં કોંક્રિટ કામમાં RMC (રેડી મીક્ષ કોંક્રિટ) નો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં રેડી મીક્ષ કોંક્રિટ વર્કસાઇટ ઉપર અથવા વર્કસાઇટની નજીક આવેલ થર્ડ પાર્ટીના કોંક્રિટ બેચ મીક્ષ પ્લાન્ટમાં તૈયાર કરી સાઇટ પર લાવી In-situ કોંક્રિટ કરવામાં આવે છે. સંદર્ભિત પત્રથી એસ.ઓ.આર. વર્ષ ૨૦૧૩-૧૪ થી રેડી મીક્ષ કોંક્રિટ (આર.એમ.સી.) ને નવી આઇટમ તરીકે લેવામાં આવેલ છે.

અનુભવે જણાયેલ છે કે જે કામમાં વર્ક સાઇટથી દુર રહેલ પ્લાન્ટથી RMC (રેડી મીક્ષ કોંક્રિટ) લાવવામાં આવે છે તેના ઘટકોની ગુણવત્તા બાબતે સીધી દેખરેખ રાખી શકાતી નથી તથા નબળી ગુણવત્તાના કોંક્રિટનો વપરાશ થવાની શકયતાઓ રહેલ છે. જેને લીધે મકાન/પુલના સૌથી અગત્યતા ધરાવતા સ્ટ્રકચરલ મેમ્બરની સ્ટ્રેન્થ જરૂરીયાત મુજબની નહીં મળવાની શકયતા રહે છે. ઉકત પ્રકારની ઘટનાઓ ન બને તે માટે વર્કસાઇટથી દુર આવેલ પ્લાન્ટથી સાઇટ પર લાવવામાં આવતા RMC (રેડી મીક્ષ કોંક્રિટ) ના વપરાશ માટે નિયમો બનાવવા જરૂરી બનેલ છે.

સરકારશ્રી કક્ષાએથી પુખ્ત વિચાણાના અંતે, રેડી મીક્ષ કોંક્રિટના ઉપયોગ બાબતે નીચે જણાવ્યા મુજબની કાર્યપધ્ધતિ અનુસરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) રૂા.૫ કરોડથી ઓછી અંદાજિત રકમના કામના નકશા અંદાજમાં RMC (રેડી મીક્ષ કોંક્રિટ) ની આઇટમ ન લેતા, કંટ્રોલ કોંક્રિટની આઇટમ જ લેવી.

(૨) રૂા.૫ કરોડથી વધારે અંદાજિત રકમના કામોમાં ઇજારદારશ્રી દ્વારા માત્ર સાઇટ ઉપર ઉભા કરેલ બેચ મીક્ષ પ્લાન્ટમાં તૈયાર થતા કોંક્રિટનો ઉપયોગ કરી શકે તેવી જોગવાઇ ટેન્ડરમાં કરવી, તેમજ આ માટે અલગથી કોઇ ચુકવણું કરવામાં આવશે નહી તેવી શરત પણ રાખવી.

(૩) ડામર બેચ મીક્ષ પ્લાન્ટની માફક કોંક્રિટ બેચ મીક્ષ પ્લાન્ટ માટે ઇજારદારે યાંત્રિક વિભાગનું પ્રમાણપત્ર મેળવવાનું ફરજિયાત કરવું. આ બાબતે યાંત્રિક વિભાગે જરૂરી કાર્યવાહી નક્કી કરવાની રહેશે.

(૪) ખાસ કિસ્સામાં રૂા.૫.૦૦ કરોડથી વધારે અંદાજિત રકમના કામો માટે સાઇટ ઉપર ફકત જગ્યાના અભાવે પ્લાન્ટ ઉભો થઇ શકે તેમ ન હોય તો, અન્ય જગ્યાએ પ્લાન્ટ ઉભો કરવાનો રહેશે તેમજ તેવા કામો માટે સંબંધિત અધીક્ષક ઇજનેરશ્રીની પૂર્વ મંજૂરી મેળવી ઇજારદારે સાઇટથી નજીકમાં નજીક પોતાનો બેચ મીક્ષ પ્લાન્ટ ઉભો કરી માત્ર તેમા તૈયાર કરવામાં આવેલ રેડી મીક્ષ કોંક્રિટનો જ ઉપયોગ કરી શકશે તેવી જોગવાઇ ટેન્ડરમાં કરવાની રહેશે આ માટે અલગથી કોઇ ચુકવણું કરવામાં આવશે નહી, તેવી શરત પણ ટેન્ડરમાં રાખવાની રહેશે.

(૫) ક્ષેત્રિય નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી/ કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા સદર પ્લાન્ટની વખતો-વખત સ્થળ મુલાકાત લઇ પ્લાન્ટમાં તૈયાર થઇને કામના સ્થળ પર વપરાતા RMC અંગે ટેન્ડરની શરતો તથા વખતો-વખત સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ સૂચનાઓ/જોગવાઇઓનું પાલન થાય છે કે નહી તેની ચકાસણી કરવાની રહેશે.

(૬) બેચ મીક્ષ પ્લાન્ટ પર સેકશન અધિકારીએ નિયમિત ગેટપાસ ઇસ્યુ કરવાના રહેશે. તથા સિમેન્ટ,કપચી, રેતી, ગ્રીટ, પાણી વગેરેના ઉપયોગના સરકારશ્રી દવારા વખતો-વખત થયેલ ઠરાવો અને આપેલ સૂચના અનુસાર નિયત કરેલા પરિક્ષણો કરવાના રહેશે તથા પરિક્ષણના રેકર્ડ/રજિસ્ટર નિભાવવાના રહેશે.

(૭) ગેટપાસમાં કોંક્રિટનો સેટીંગ ટાઇમ દર્શાવવાનો રહેશે, તેમજ નિર્ધારિત સમય પહેલા કોંક્રિટનો વપરાશ થઇ જાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૮) IS 456 (2000) Reaffirmed 2021 : Plain and Reinforced concrete code of practice, IS 5892 (2004) : Concrete Transit Mixers Specification, IS 4926:2003 (Ready Mixed Concrete-Code of Practice), IS:10262 :2009 concrete Mix Proportioning - Guidelines, વિગેરે કોડ તથા અન્ય માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

(૯) RMC (રેડી મીક્ષ કોંક્રિટ) અંગેની અગાઉની જોગવાઇઓ રદ ગણવાની રહેશે.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૧૫/૦૬/૨૦૨૩ ની સચિવશ્રી(મા.મ.) ની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.બી.કુકણા)
ઉપસચિવ(મુ.મ.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગના અંગત મદદનીશશ્રી,
- સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ (રાજય, પંચાયત, રાષ્ટ્રીય ધોરીમાર્ગ, ગુણવત્તા નિયમન, પાટનગર યોજના, નીતિ અને આયોજન, વિશ્વબેંક) માર્ગ અને મકાન વિભાગ.
- મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી (વિ.યો.), (યંત્રો અને ઓજારો), મા.મ.વિભાગ
- નાણાં સલાહકારશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધીક્ષક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ,
- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ.
- નિયામકશ્રી, ગેરી વડોદરા,
- સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સીલેકટ ફાઇલ સી-૧ શાખા -૨૦૨૩

૨૦

પત્ર ક્રમાંક નં. પરચ/૧૦૨૦૨૨/૧૮૪૯/સી

| | |
|---|---|
| ટપાલ જોઈ | |
| વડોદરા (મા.મ.) વર્તુળ વડોદરા | |
| શાખા | |
| કચેરી અધિક્ષક | |
| અંગત સચિવ | |
| અધિક્ષક ઇજનેર | |
| આવક નં. | ૨૮૫ |
| તારીખ | 29 MAR 2023 |

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૭/03/૨૦૨૩

પ્રતિ,
સર્વે અધિક્ષક ઇજનેરશ્રી,
માર્ગ અને મકાન વિભાગ.

વિષય: "Call before U Dig" મોબાઇલ એપના ઉપયોગ કરવા બાબતે.

સંદર્ભ: ભારત સરકાર, સંચાર મંત્રાલય, દૂરસંચાર વિભાગનો તા.૦૭/૦૨/૨૦૨૩ નો પત્ર

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ખોદાણ કરતી એજન્સી/ કોન્ટ્રાકટરને ખોદાણ કરતાં પહેલાં "Call before U Dig" મોબાઇલ બેઝ એપ્લીકેશન ઉપર રજૂઆત કરી મંજુરી મેળવવા સંબંધિતોને સૂચના આપવા આજ્ઞાનુંસાર વિનંતી છે.

આ ઉપરાંત હવે પછી બહાર પાડવામાં આવનાર ટેન્ડર માટે નીચે જણાવેલ સ્પેશીયલ કંડીશન ઓફ કોન્ટ્રાકટ ટેન્ડરમાં રાખવી તથા હયાત કોન્ટ્રાકટસ અસ્તિત્વમાં હોય તેવા તમામ ઇજારદારને પણ જાણ કરશો.

**SPECIAL CONDITION OF CONTRACT**

All Agencies Intending to carry out excavation have to carry out any type of excavation/digging only after prior intimation through "Call before U Dig" mobile application.

(એ.એન.મિસ્રી)
ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ

૧.નકલ સાદર રવાના: શ્રી આશિષ ઠાકર, ડી.ડી.જી, (રૂરલ-૨) ગુજરાત એલ.એસ.એ., સંચાર મંત્રાલય, દૂરસંચાર વિભાગ, ગુજરાત એલ.એસ.એ. [illegible] પી એન્ડ ટી એડમીનીસ્ટ્રેટીવ બીલ્ડીંગ, ખાનપુર, અમદાવાદ.

૨. નકલ રવાના: સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી, મા[illegible]

ક્રમાંક:- CON-10-2016-02-(part-1)-C

ટપાલ જોઇ
વડોદરા (મા.મ.) વર્તુળ વડોદરા
શાખા T.C
કચેરી અધિક્ષક
અંગત સચિવ
અધિક્ષક ઇજનેર
આવક નં. 68
તારીખ 27 JAN 2023

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૦૯/૦૧/૨૦૨૩

પ્રતિ,
સર્વે અધિક્ષક ઇજનેરશ્રી
માર્ગ અને મકાન વિભાગ.

વિષય:- એગ્રીમેન્ટ સીક્યોરીટી ડીપોઝીટ અને પરફોમન્સ બોન્ડ છુટા કરવા બાબત

સંદર્ભ:- વિભાગનો પત્ર ક્રમાંક નં. સીઓએન/૧૦/૨૦૧૬/૦૨/સી તા.૨૪/૧૦/૨૦૧૭ નો પત્ર

આથી એગ્રીમેન્ટ સીક્યોરીટી ડીપોઝીટ અને પરફોમન્સ બોન્ડ છુટા કરવા બાબતે અનુસરવાની થતી કાર્યવાહી માં ક્ષેત્રીય કચેરીએથી ઘણી વિસંગતતાઓ જણાયેલ છે તેવી રજુઆત મળેલ છે. આથી આ બાબતે નીચે જણાવ્યા મુજબ કામગીરી કરવા વિભાગના તા.૨૪/૧૦/૨૦૧૭ ના પત્રથી સુચના આપવામાં આવેલ.

સુચના:

"કામ પુર્ણ થયા પછી ફાઈનલ બીલના ચુકવણા થયા પછી એગ્રીમેન્ટ સીક્યુરીટી ડીપોઝીટ અને પરફોર્મન્સ બોન્ડ ૧૫ દિવસે છુટ્ટા કરવાની જોગવાઈ છે જ, જેનો અમલ વિભાગીય કચેરી સ્તરે કરવો, તે માટે પેટા વિભાગમાંથી દરખાસ્ત કરવી/મેળવવી જરૂરી નથી."

ઉકત સુચનામાં આથી નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

સુધારો:

"કામ પુર્ણ થયા પછી કામનું બીલ ફાઇનલ થયા બાદ (ગ્રાન્ટના અભાવે ચૂકવણું ન થયેલ હોય તો પણ) એગ્રીમેન્ટ સીકયુરીટી ડીપોઝીટ અને પરફોર્મન્સ બોન્ડ ૧૫ દિવસે છુટા કરવાની જોગવાઇ છે જ, જેનો અમલ વિભાગીય કચેરી સ્તરે કરવો, તે માટે પેટા વિભાગમાંથી દરખાસ્ત કરવી/મેળવવી જરૂરી નથી."

ઉકત સૂચનાનો ચૂસ્ત પણે અમલ કરવો.

(એ.એન.મિસ્રી)
ખાસ ફરજ પરના અધિકારી(વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

બાંધકામ મટીરીયલ્સ એન કોમ્પોનેન્ટસ સેમ્પલની ગુણવત્તા માટેના પરીક્ષણ પૈકીના ૮૦% પરીક્ષણ સ્થળ પર તથા ૧૦% પરીક્ષણ સરકાર માન્ય લેબોરેટરીમાં કરાવવા બાબત.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક :– પરચ/૧૦૨૦૦૭/૨૮/ સી
સચિવાલય, ગાંધીનગર
તા.૧૭/૦૫/૨૦૧૯

વંચાણે લીધા :– મા.મ. વિ.નો પરીપત્રનો ક્રમાંક :– પરચ / ૧૦૨૦૦૭ / ૨૮ / સી, તા.૩૧/૧૨/૨૦૦૯

**આમુખ :–**

માર્ગ અને મકાન વિભાગના બાંધકામના માલસામાનને પરીક્ષણો માટે સંદર્ભમાં દર્શાવેલ પરિપત્ર બહાર પાડવામાં આવેલ હતો. આ પરિપત્રમાં દર્શાવેલ માલસામાન માટે પરીક્ષણોની સંખ્યાનાં ૧૦% નમુનાના પરીક્ષણ ઓછામાં ઓછુ એક પરીક્ષણ ગેરીમાં કરાવવા, ૧૦% નુમનાનાં પરીક્ષણો સરકાર માન્ય લેબોરેટરીનો તથા ૮૦ % નમુનાના પરીક્ષણો પ્લાન્ટ સાઈટ પર કરવાની સુચના આપેલ હતી. સમય જતા ગેરીમાંથી સમયસર પરીક્ષણોના પરીક્ષણમાં કામના ભારણને કારણે સમયમર્યાદામાં મળતા ન હતા. તેમજ જિલ્લા કક્ષાની ગેરી લેબોરેટરીમાં મર્યાદિત મટીરીયલના પરીક્ષણો થતા હોય, કેટલાંક મટીરીયલના પરીક્ષણો ગેરીની અન્ય જીલ્લાની લેબોરેટરીમાં આપવાના થાય છે. ક્ષેત્રિય કચેરીની રજુઆત અન્વયે આ પરિપત્રમાં સુધારા કરવાની બાબત વિચારણા હેઠળ હતી. ઉકત વિચારણાને અંતે પ્રસ્તુત પરિપત્રમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે. જે આ પરિપત્ર કર્યાની તારીખથી અમલમાં મુકવાનો રહેશે.

**પરિપત્ર :–**

બાંધકામના માલસામાનનાં કરવા પાત્ર પીરક્ષણો પૈકી ૮૦ % પરીક્ષણો પ્લાન્ટ સાઈટ પર, ૧૦ % પરીક્ષણો સરકાર માન્ય લેબોરેટરી અને ૧૦ % પરીક્ષણો ગેરી / સરકારી ઈજનેર કોલેજ / સરકારી પોલીટેકનીક કોલેજમાં કરાવવાના રહેશે. દરેક માલસામાનનું ઓછામાં આછુ એક પરીક્ષણ ગેરીમાં કરાવવાનું રહેશે.

ઉકત જોગવાઈઓ સિવાય મા.મ. વિભાગના તા.૩૧/૧૨/૨૦૦૯ ના પરિપત્રની અન્ય જોગવાઈ / શરતો યથાવત રહેશે.

(એ. એન. મિસ્ત્રી)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

સરકારના વિવિધ વિભાગો/
ખાતાઓ દ્વારા જી.એસ.ટી. કાયદા
હેઠળ TDS માટે નોંધણી નંબર
લેવા બાબત.

ગુજરાત સરકાર
નાણાં વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ-જીએસટી/૧૦૧૭/૧૦૯૭/જીએસટી સેલ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૫/૦૯/૨૦૧૮

૧. વંચાણે લીધો :- નાણાં વિભાગનો તા.૧૯/૦૭/૨૦૧૭ નો પરિપત્ર ક્રમાંક-જીએસટી/૧૦૧૭/૧૦૯૭/ જીએસટી સેલ
૨. વંચાણે લીધો :- નાણાં વિભાગનો તા.૨૫/૧૦/૨૦૧૭ નો પરિપત્ર ક્રમાંક-જીએસટી/૧૦૧૭/૧૦૯૭/ જીએસટી સેલ
૩. વંચાણે લીધો :- નાણાં વિભાગનો તા.૦૮/૦૫/૨૦૧૭ નો પરિપત્ર ક્રમાંક-જીએસટી/૧૦૧૭/૧૦૯૭/ જીએસટી સેલ
૪. નાણા વિભાગનું તા.૧૪-૯-૨૦૧૮નું જાહેરનામું ક્રમાંક. (GHN-89)/GST-2018/S.1(4)TH.

ગુજરાત ગુડઝ એન્ડ સર્વિસીસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ તથા સેન્ટ્રલ ગુડઝ એન્ડ સર્વિસીસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ ની કલમ ૫૧ અનુસાર જ્યારે કોઈ સરકારી વિભાગ, સ્થાનિક સત્તામંડળ અને સરકાર હસ્તકના જાહેર સાહસો રૂ.૨,૫૦,૦૦૦/- થી વધુની કિંમતનું ટેન્ડર બહાર પાડીને વેરાપાત્ર ચીજવસ્તુઓ ખરીદે કે વેરાપાત્ર સેવાઓ મેળવે તો કુલ 2% (બે ટકા) ટેક્સ ડીડક્શન એટ સોર્સ કરવાનું થાય, જેમાં 1% (એક ટકો) ગુજરાત ગુડઝ એન્ડ સર્વિસીસ ટેક્સ અને 1% (એક ટકો) સેન્ટ્રલ ગુડઝ એન્ડ સર્વિસીસ ટેક્સ હેઠળ કાપવાનો થાય અને **SGST: 00060010101** તથા **CGST: 00050010101** સદરે, જે મહિનામાં ડીડક્શન થયું હોય તેના અંત પછીનાં ૧૦ દિવસની અંદર, સરકારી તિજોરીમાં જમા કરાવવાના રહેશે. વધુમાં, આ કપાત સામે કોન્ટ્રાક્ટરને ટી.ડી.એસ.ની કપાત કરનારે નમૂના GSTR-7A માં પ્રમાણપત્ર આપવાનું રહેશે તથા ઠરાવેલ સમય મર્યાદા મુજબ નમૂના GSTR-7 માં પત્રક ભરવાનું રહેશે.

આ કલમનો અમલ જી.એસ.ટી. કાઉન્સિલની ભલામણ મુજબ તા.૩૦-૯-૨૦૧૮ સુધી મુલતવી રાખેલ હતો, જેનો અમલ હવે સંદર્ભમાં વંચાણે લીધેલા તા.૧૪-૯-૨૦૧૮ના જાહેરનામા અનુસાર તા.૧-૧૦-૨૦૧૮ થી કરવાનો થાય છે, જેના માટે ગુજરાત જીએસટી અધિનિયમ, ૨૦૧૭ની કલમ ૨૫ તથા ગુજરાત જીએસટી રૂલ્સ, ૨૦૧૭ના નિયમ ૧૨ (૧) અન્વયે ટેન્ડર દ્વારા ખરીદી કરનાર કે સેવા મેળવનાર સરકારી સક્ષમ અધિકારીએ નમૂના GST REG-07 માં અરજી કરીને નોંધણી દાખલો મેળવવાનો રહે છે.

ઉક્ત જોગવાઈઓનો અમલ તમામ સરકારી વિભાગ, સ્થાનિક સત્તામંડળ અને સરકાર હસ્તકના જાહેર સાહસોએ તા.૧-૧૦-૨૦૧૮ થી કરવાનો હોઇ, તાત્કાલિક અસરથી જીએસટી નેટવર્ક ઉપર ઓન-લાઇન વિગતો ભરીને તથા જરૂરી પૂરાવા અપલોડ કરીને નોંધણી દાખલો મેળવી લેવો જરૂરી બને છે. આથી, સર્વે વિભાગો, ખાતાના વડા, તાબાની તમામ કચેરીઓ અને સ્થાનિક સ્વરાજ્યની તમામ સંસ્થાઓ, જેવી કે મહાનગરપાલિકા, નગરપાલિકા, શહેરી વિકાસ સત્તામંડળ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત તેમજ સરકારી બોર્ડ અને કોર્પોરેશન, સરકારી કંપનીઓ, એસપીવી, વગેરે ને તેમના કાર્યક્ષેત્ર અને કામગીરી અનુસાર લાગુ પડવાપાત્ર હોય તો સત્વરે નોંધણી દાખલો મેળવી લેવા જણાવવામાં આવે છે. સદર કામગીરી માટે કોઇ કાયદાકીય માર્ગદર્શન કે ટેકનિકલ માર્ગદર્શન માટે જરૂર જણાય તો નજીકની રાજ્ય કર કચેરી અથવા જીએસટી નેટવર્કની હેલ્પલાઇન અથવા રાજ્ય કર કમિશનર દ્વારા અમદાવાદ અને અન્ય કચેરીઓમાં શરૂ કરવામાં આવેલ હેલ્પ ડેસ્કનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે

(કે.એચ.પાઠક)
સંયુક્ત સચિવ (ટેક્સ)
નાણાં વિભાગ.

નકલ રવાના જાણ તથા જરૂરી અમલ સારૂઃ-

- સચિવાલયનાં સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/ સચિવશ્રી
- તમામ કલેક્ટરશ્રી તથા ડીડીઓશ્રી
- તમામ બોર્ડ/કોર્પોરેશન
- તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ

63/c.J

# NOTIFICATION
# FINANCE DEPARTMENT.

Sachivalaya, Gandhinagar.
Dated the 14th September,2018.

## Notification No. 50/2018-State Tax

Gujarat Goods and Services Tax Act, 2017

No.(GHN-89)/GST-2018/S.1(4)TH:- In exercise of the powers conferred by sub-section (3) of section 1 of the Gujarat Goods and Services Tax Act, 2017 (Guj.25 of 2017) and in supercession of the Government Notification, Finance Department No.(GHN-82)/GST-2017/S.1(3)/TH dated the 15th September, 2017, Notification No. 33/2017-State Tax, except as respects things done or omitted to be done before such supersession, the Government of Gujarat hereby appoints the 1st day of October, 2018, as the date on which the provisions of section 51 of the said Act shall come into force with respect to persons specified under clauses (a), (b) and (c) of sub-section (1) of section 51 of the said Act and the persons specified below under clause (d) of sub-section (1) of section 51 of the said Act, namely:-

(a) an authority or a board or any other body, -
  (i) set up by an Act of Parliament or a State Legislature; or
  (ii) established by any Government,

  with fifty-one percent. or more participation by way of equity or control, to carry out any function;

(b) Society established by the Central Government or the State Government or a Local Authority under the Societies Registration Act, 1860 (21 of 1860);

(c) public sector undertakings.

This notification shall be deemed to have been issued on the 13th day of September, 2018.

By order and in the name of the Governor of Gujarat,

K H Pathak
Joint Secretary to Government.

**ટેન્ડર માટેની વાટાઘાટોની નિતી**
**નકકી કરવા બાબત.**

ગુજરાત સરકાર,
માર્ગ અનેમકાનવિભાગ,
બ્લોક નં. ૧૪ / ૨, સરદારભવન,
સચિવાલય,ગાંધીનગર
ક્રમાંક : એસ / ૨૨ / ૨૦૧૭ / ૬૩૯ / ડ
તા.૦૮/૦૬/૨૦૧૮

**આમુખઃ-**

માર્ગ અને મકાનવિભાગનાવિવિધકામોમાટે જાહેર નિવિદાથી ટેન્ડર માંગવામાં આવે છે. કયારેક ઈજારદારે ભરેલ ટેન્ડરનાભાવ જે તે વિસ્તારમાં ટેન્ડર મંજુરીના નિર્ણય કરવાના સમયે જે તે ટેન્ડરના કામના વિસ્તારમાં મંજુર થયેલ અન્ય ટેન્ડરની સરખામણીમાં ઉંચા જણાય તેવા સંજોગોમાં ઈજારદારશ્રીને વાટાઘાટ માટે બોલાવવામાં આવે છે. કયારેક જે તે ટેન્ડરભરનાર ઈજારદાર વારંવાર વાટાઘાટની તારીખ અને સમય ફાળવ્યા બાદ સક્ષમ અધિકારી પાસે વાટાઘાટ માટે આવતા નથી / વેલીડીટી લંબાવી આપતા નથી. તેમજ વેલીડીટી પીરીયડ પુરો થાય ત્યાં સુધી પોતે વાટાઘાટ કરવા માંગતા નથી તે પ્રકારનો પત્ર પણ આપતા નથી. તે કારણોસર ટેન્ડરની વેલીડીટી પૂર્ણ થવાથી ટેન્ડર ફરીવાર માંગવાની જરૂરીયાત ઉપસ્થિત થાય છે. જેના કારણે પ્રજાલક્ષી કામોમાં વિલંબ પણ થાય છે. પુખ્ત વિચારણાંને અંતે નીચે મુજબનો પરિપત્ર કરવામાં આવે છે.

**પરિપત્ર :-**

ટેન્ડર મંજુરીની દરખાસ્ત કરતી સમયે જે તે ક્ષેત્રિય કચેરીમાંથી જે તે વિસ્તારનાં સમાનપ્રકારનાં છેલ્લા છ માસમાં મંજુર થયેલ કામોની વિગતો સાથે કેટલી રકમ સુધીનું ટેન્ડર મંજુર કરવાપાત્ર રહે છે. તે વિગત સાથે દરખાસ્ત કરવાની રહેશે. ઈજારદારશ્રીને ટેન્ડર વેલીડીટી તેમજ ટેન્ડર મંજુરીનો સમયગાળો ધ્યાનમાં લઈ વધુમાં વધુ ત્રણ વખત વાટાઘાટ માટે જાણ કરવામાં આવશે. જો ઈજારદારવાટાઘાટકરવા માંગતા ન હોય તો તેમણે વાટાઘાટની સુચાના મળ્યાબાદ તરતજ તેઓ વાટાઘાટ કરવા માંગતા નથી તે મુજબનો પત્ર પાઠવવાનો રહેશે. જો ઈજારદાર ટેન્ડરની વેલીડીટી પૂર્ણ થવાના સમયવાળા સુધીમાં પણ આ પ્રકારનો પત્ર પાઠવશે નહી અથવા વાટાઘાટ કરશે નહી તો તેમનું ટેન્ડર રદ ગણવામાં આવશે અને તેમની બાનાની રકમ જપ્ત કરવામાં આવશે તેમજ ઈજારદાર પર શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ પરિપત્રની તારીખથી Notice Inviting Tenders માં નીચે મુજબની વધારાની વિગત ઉમેરવાની રહેશે.

If found necessary contractor will be intimated for negotiation. He will be intimated maximum three times within validity period for negotiation. If contractor does respond in time, his earnest money will be forfeited and his tender will be rejected. Punitive action will be taken on such contractor.

(એ. એન. મિસ્ત્રી)
ઉપસચિવ (રા.ર.)
માર્ગ અનેમકાનવિભાગ
ગાંધીનગર

**ઇજારદારશ્રીને કરેલ કામનું ચૂકવણુ**
**RTGS/NEFT પધ્ધતિએ કરવા બાબત**

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય,ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક:SSR-૧૦૨૦૧૭-૫૭-સી
તા.30/04/૨૦૧૮

આમુખ:-

ભારત સરકાર દ્વારા ડીઝીટલ ટ્રાંઝેક્શનનો વ્યાપક ઉપયોગ થાય અને બેંકો દ્વારા ઉપલબ્ધ વિવિધ ઓનલાઇન બેંકીંગ સેવાઓનો ઉપયોગ વ્યાપક થાય તે માટે દરેક રાજ્યને સુચનાઓ આપેલ છે અને રાજ્યોને સક્રીય સહયોગ આપવા જણાવેલ છે. ગુજરાત સરકાર દ્વારા પણ વિવિધ સરકારી કચેરીઓમાં કેશલેશ ટ્રાન્ઝેકશન થાય એ મુજબની વ્યવસ્થા ગોઠવવા માટે વખતોવખત સૂચના આપવામાં આવેલ છે. ઇજારદારશ્રીઓના કરેલ કામનું ચૂકવણું RTGS/NEFTથી કરવાની પધ્ધતિથી ઇજારદારશ્રીઓને ઝડપથી નાણા મળી રહે છે. આ નેટ બેન્કીંગ પધ્ધતિ ખૂબ જ અસરકારક અને હકારાત્મક પુરવાર થયેલ છે. ઇજારદારશ્રીએ કરેલ કામનું ચૂકવણું આજના આધુનિક બેન્કીંગ પ્રમાણે RTGS/NEFTથી કરવા અંગે મળેલ વિવિધ રજુઆતો અન્વયે પ્રસ્તુત બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પરિપત્ર:-

ગુજરાત તિજોરી નિયમો, ૨૦૦૦ના નિયમ-૩૩૭ (પ્રકરણ-૧૪) અનુસાર જે તિજોરીઓની રોકડ લેવડ-દેવડ બેન્ક મારફતે થતી હોય ત્યાં શાખપત્ર અંગેના નિયમો પ્રકરણ-૧૩ની જોગવાઇને આધિન રહીને લાગુ પડે છે તેમજ માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીઓ ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે Cheque Drawingના Power ધરાવતા હોઇ,વિભાગીય કચેરી હસ્તકના ઇજારદારશ્રી દ્વારા કરેલ કામોના ચૂકવણાં માટે જીલ્લા તિજોરી ખાતેથી LC એડવાઇઝ મંજુર કરાવી, LCનો ચેક કાઢી, બેન્ક મારફતે જે તે ઇજારદારશ્રીને RTGS/NEFTહેઠળ ચૂકવણું કરવાનું રહેશે.

ઉપરોકત તમામ સુચનાનો અમલ ચુસ્તપણે તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

આ પરિપત્ર સરખાક્રમાંકની ફાઇલ ઉપર તા.0૬/૧૨/૨૦૧૭થી મળેલ નાણાં વિભાગની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

(એ.એન.મિસ્ત્રી)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર



(પાછળ)

પ્રતિ,

૧. સચિવશ્રીના અંગત સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩. સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ, નિર્માણભવન, ગાંધીનગર
૫. મુખ્ય ઇજનેરશ્રી અને ડાયરેકટરશ્રી, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર
૬. ડાયરેકટરશ્રી, ગુજરાત એન્જીનીયરીંગ રીસર્ચ ઇન્સ્ટીટયુટ (ગેરી), વડોદરા
૭. નાણાં સલાહકારશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ (રાજય, પંચાયત, ને.હા., પાટનગર યોજના વર્તુળ, વિદ્યુત વર્તુળ સહીત)
૯. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
૧૦. સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ (ઉકત વર્તુળ હેઠળના)
૧૧. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૨. સર્વે તાંત્રિક શાખાઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૩. પ્રમુખશ્રી, ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન, ગજ્જર હોલ, લૉ ગાર્ડન, લૉ કોલેજ રોડ, અમદાવાદ
૧૪. શાખા સીલેકટ ફાઇલ-૨૦૧૮



(પાછળ)

સરકારી રહેણાંક/બીન રહેણાંક મકાનોમાં ટોઇલેટ બ્લોકમાં ડબલ ફલશીંગ સીસ્ટમ ઉભી કરવા બાબત.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક:મીસે/૧૦૧૭/૩૫૦૯/સી-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૯/૦૪/૨૦૧૮

સંદર્ભ : - (૧) આઇ.એસ.૭૭૪ આવૃતિ ૨૦૦૪
(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૫ ની માર્ગદર્શીકા

આમુખ ::

રાજયમાં આવેલ સરકારી મકાનોમાં હાલ મોટા ભાગે ટોઇલેટ બ્લોકમાં સીંગલ ફલશીંગ સીસ્ટમ રાખવામાં આવેલ છે. જેથી ટોઇલેટનો ઉપયોગ ટોઇલેટ તરીકે અથવા યુરિનલ તરીકે કરવામાં આવે ત્યારે ફલશીંગ કરવાથી એક સરખો પાણીનો વપરાશ થતો હોય પાણીનો ઘણો વ્યય થાય છે. જે અટકાવવા તથા પાણીની બચત કરવા માટે દરેક ટોઇલેટમાં ડબલ ફલસીંગ સીસ્ટમ ઉભી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પરિપત્ર ::

ઉકત બાબતે હયાત સરકારી રહેણાંક તથા બિન રહેણાંક મકાનોમાં તમામ ટોઇલેટ બ્લોકમાં જયાં ડબલ ફલશીંગ સીસ્ટમ ન હોય તે ટોઇલેટમાં આ સીસ્ટમ ઉભી કરવા તેમજ હવે પછી નવા બનતા તમામ મકાનોમાં ફરજીયાત પણે આ સીસ્ટમ ઉભી કરવાની જોગવાઇ કરવા માટે આથી સૂચના આપવામાં આવે છે.

આ પરિપત્ર તાત્કાલિક અસરથી અમલમાં આવે છે તેમજ સરકારશ્રીની તા.૨૭/૦૩/૨૦૧૮ ની સરખા ક્રમાંકની ફાઇલ પર મળેલ સંમતિથી બહાર પાડવામાં આવેલ છે.

(વી.એમ.ગોહિલ)
ઉપસચિવ(મકાનો-૨)
માર્ગ અને મકાન વિભાગ

નકલ રવાના : -

(૧) માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૨) અગ્ર સચિવશ્રી(મા.મ.) ના અંગત સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૩) સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ,
(૪) ખાસ ફરજ પરના અધિકારીશ્રી(વિ.યો.)
(૫) સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ
(૬) સર્વે ઉપસચિવશ્રીઓ માર્ગ અને મકાન વિભાગ
(૭) નાયબ સેકશન અધિકારીશ્રીની સીલેકટ ફાઇલ-૨૦૧૮.
(૮) શાખા સિલેકટ ફાઇલ-૨૦૧૮

D_2018_ All date_ Note 2018_ સીંગલ ફલસીંગ સીસ્ટમ

S.E. A... R & B CIRCLE-2 AHMEDABAD.
In. No.
Date
Marking
O.S.
R.A.

**રસ્તા, પુલ અને મકાનના બાંધકામના કામો માટે પૂર્વલાયકાતના માપદંડમાં વધારાની નવી જોગવાઇનો સમાવેશ કરવા બાબત**

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંકઃ SSR/10/2015/17/C
તા.૨૪/૧૦/૨૦૧૭

**ઠરાવ**

રસ્તા, પુલ અને મકાનના બાંધકામના કામો માટે પૂર્વલાયકાતના માપદંડો પૈકી નવા રસ્તા/ફોર લેનીંગ/સીકસ લેનીંગના રસ્તાના કામ માટે સીમીલર કામના માપદંડ માટે નીચે જણાવ્યા મુજબની જોગવાઇ હાલ અમલમાં છે.

(૧) નવા રસ્તા (ઓછામાં ઓછું ૩.૫ મીટર કેરેજવે વીડ્થથી ઓછી ન હોય), જેમાં ડબલ્યુબીએમ, ડબલ્યુએમએમ અને પેવરથી ડામરનો સમાવેશ થતો હોય એવા કામો તથા

(૨) ૧૦.૦૦ મીટર સુધીના વાઇડનીંગ કરેલ રસ્તાના કામ જેમાં ડબલ્યુબીએમ, ડબલ્યુએમએમ અને પેવરથી ડામરનો સમાવેશ થતો હોય એવા કામો ગણતરીમાં લેવામાં આવે છે.

સદરહુ જોગવાઇમાં એક વધુ જોગવાઇ સામેલ કરવા બાબતે સરકારશ્રીમાં ઘણા લાંબા સમયથી વિચારણા હેઠળ હતું. જે અન્વયે નીચે મુજબ સામેલ કરવામાં આવે છે.

| EXISTING | AMENDMENT |
|---|---|
| **APPENDIX-A Definition of similar work**<br>(1) Road work<br>(c) New roads/Four lanning/Six lanning<br>(1) New road construction work (minimum carriageway width not less than 3.5 m) involving items of WBM/WMM and paver laid asphalt work.<br>**OR**<br>(2) Any work of widening of carriageway up to 10 m involving items of WBM and WMM plus asphalt work done by paver. | **APPENDIX-A Definition of similar work**<br>(1) Road work<br>(c) New roads/Four lanning/Six lanning<br>(1) New road construction work (minimum carriageway width not less than 3.5 m) involving items of WBM/ WMM and paver laid asphalt work.<br>**OR**<br>(2) Any work of widening of carriageway up to 10 m involving items of WBM and WMM plus asphalt work done by paver.<br>**OR**<br>(3) Any work of carriageway widening involving addition of carriageway by 3.0 m |

ઉપરોકત તમામ સુચનાનો અમલ ચુસ્તપણે તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

(એ.એન.મિસ્ત્રી )
ઉપ સચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

પત્ર ક્ર. સીઓએન-૧૦-૨૦૧૬-૦૨-સી

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૪-૧૦-૨૦૧૭

પ્રતિ,
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ,
માર્ગ અને મકાન વર્તુળ.

વિષય:- એગ્રીમેન્ટ સીક્યોરીટી ડીપોઝીટ અને પરફોમન્સ બોન્ડ છુટા કરવા બાબત

સંદર્ભ:- ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન ની રજુઆત

આથી એગ્રીમેન્ટ સીક્યોરીટી ડીપોઝીટ અને પરફોમન્સ બોન્ડ છુટા કરવા બાબતે અનુસરવાની થતી કાર્યવાહી માં ક્ષેત્રીય કચેરીએથી ઘણી વિસંગતતાઓ જણાયેલ છે તેવી રજુઆત મળેલ છે. આથી આ બાબતે નીચે જણાવ્યા મુજબ કામગીરી કરવા આથી સુચના આપવામાં આવે છે.

સુચના :-

"કામ પુર્ણ થયા પછી ફાઈનલ બીલના ચુકવણા થયા પછી એગ્રીમેન્ટ સીક્યુરીટી ડીપોઝીટ અને પરફોર્મન્સ બોન્ડ ૧૫ દિવસે છુટ્ટા કરવાની જોગવાઈ છે જ, જેનો અમલ વિભાગીય કચેરી સ્તરે કરવો, તે માટે પેટા વિભાગમાંથી દરખાસ્ત કરવી/મેળવવી જરૂરી નથી."

ઉક્ત સુચનાનો ચુસ્તપણે અમલ કરવો.

(એ.એન.મિસ્ત્રી)
ઉપ સચિવ (રા.ર)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

રસ્તા, પુલો અને મકાનોની ગુણવત્તા ચકાસણી માટેના નિયતપત્રકોનો ઉપયોગ ઇન્સ્પેકશન નોંધ માટે કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંકઃ PRC-10-2017-31-C
તા.૨૬/૦૫/૨૦૧૭

## પરિપત્ર

માર્ગ અને મકાન વિભાગના રસ્તા, પુલ અને મકાનના કામો ઇજારદારશ્રી મારફત કરાવવામ આવે છે. આ કામોની ગુણવત્તા ચકાસણી કરવાનું કામ ગુણવત્તા નિયમન (મા.મ.) વિભાગ દ્વારા કરવામ આવે છે. કામોની ચકાસણી માટે ગુણવત્તા નિયમન (મા.મ.) વિભાગ હેઠળ ગુજરાત રાજયમાં કુલ-૬ (છ કાર્યપાલક ઇજનેરશ્રીઓની નિમણુંક કરવામાં આવેલ છે. કામોની ગુણવત્તા ચકાસણી કરી તેનો સ્થળસ્થિતિ મુજબનો ઇન્સપેકશન રીપોર્ટ કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા તૈયાર કરી જે તે સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી પૂર્તતા અર્થે સાદર કરવામાં આવે છે અને એની જાણ જે તે વિભાગના સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી અ મુખ્ય ઇજનેરશ્રીને કરવામાં આવે છે. ગુણવત્તા નિયમનના કાર્યપાલક ઇજનેરશ્રીઓ દ્વારા રજુ કરવા આવતા ઇન્સ્પેકશન રીપોર્ટની વિગતોમાં એકસરખા ફોર્મેટ વિભાગ દ્વારા નિયત કરેલ ન હોવાથી એકસૂત્ર રહેતી નથી.

મુખ્ય ઇજનેરશ્રીઓની કમિટીમાં નકકી થયા મુજબ ઇન્સ્પેકશન રીપોર્ટમાં એકસૂત્રતા રહે અ પી.એમ.જી.એસ.વાય.માં "ગ્રેડ સિસ્ટમ" વાળો રીપોર્ટ સાદર કરવામાં આવે છે એ પધ્ધતિએ ઇન્સ્પેક રીપોર્ટનું ફોર્મેટ બનાવવા જણાવવામાં આવેલ હતું. માર્ગ અને મકાન વિભાગના રસ્તા, પુલ અને મક માટેના ગુણવત્તા ચકાસણી કરવા માટેના ઇન્સ્પેકશન રીપોર્ટના ફોર્મેટ ગ્રેડ સિસ્ટમવાળા આ સાથે તૈય કરવામાં આવેલ છે. હવે પછી ગુણવત્તા વિભાગના મુખ્ય ઇજનેરશ્રી, અધિક્ષક ઇજનેરશ્રી, કાર્યપાલ ઇજનેરશ્રી, સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી તથા જે કોઇ પણ અધિકારીશ્રી ગુણવત્તા ચકાસણીની કામગી કરે તેમણે આ ફોર્મેટનો ઇન્સ્પેકશન રીપોર્ટ માટે ઉપયોગ કરવાનો રહેશે.

કામની ચકાસણી કર્યા બાદ કામનો એકંદરે ગ્રેડ "S (Satisfactory), SRI (Satisfactory but requ improvement) કે U (Unsatisfactory)" આપવાનો રહેશે.

(૧) જો ગુણવત્તા ચકાસણીમાં કામનો એકંદરે ગ્રેડ "S" મળશે તો એ કામ Satisfactory કક્ષાનું હોય પૂર્તતા કરવાની રહેતી નથી.

(૨) જો ગુણવત્તા ચકાસણીમાં કામનો એકંદરે ગ્રેડ "SRI" (Satisfactory but require improvement) મળશે તો જે તે આઇટમમાં "SRI/U" ગ્રેડ મળેલ છે એ આઇટમની સુધારણા ટેન્ડરમાં જણાવેલ સ્પેશીફીકેશન મુજબ કરી એનો "ATR" (Action Taken Report) સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીએ તૈયાર કરી જે તે ગુણવત્તા નિયમન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીની ફરીથી સ્થળ મુલાકાત કરાવશે અને ગુણવત્તા નિયમન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રી પૂર્તતા સાથે સહમત હોય તો અહેવાલ અધિક્ષક ઇજનેરશ્રી, ગુણવત્તા નિયમન વિભાગને સાદર કરશે. અધિક્ષક ઇજનેરશ્રી ગુણવત્તા નિયમન વિભાગ પૂર્તતા અહેવાલ યોગ્ય હશે તો રીગ્રેડ એટલે "SRI/U" માંથી "S" માટે ભલામણ કરશે. ત્યારબાદ સદરહુ પૂર્તતા અહેવાલ સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી મારફત સંબંધિત મુખ્ય ઇજનેરશ્રીને સાદર કરવાનો રહેશે. સંબંધિત મુખ્ય ઇજનેરશ્રીએ સદરહુ "ATR" મુખ્ય ઇજનેરશ્રી ગુણવત્તા નિયમન વિભાગને પૂર્તતા ગ્રાહ્ય રાખી "S" ગ્રેડીંગ આપવા માટે ભલામણસહ સાદર કરવાનો રહેશે. ગુણવત્તા નિયમન વિભાગમાંથી પૂર્તતા ગ્રાહ્ય રાખી "S" ગ્રેડીંગનું પ્રમાણપત્ર મળ્યા બાદ જ આ આઇટમનું બાકીનું ચૂકવણું કરવાનું રહેશે.

(૩) ગુણવત્તા ચકાસણીમાં કામનો એકંદરે ગ્રેડ 'U' (unsatisfactory) મળશે તો જે તે આઇટમમાં 'SRI/U' મળેલ છે એ આઇટમમાં સુધારણા અથવા Reconstruction (આઇટમ ફરીથી કરવી) ટેન્ડરમાં જણાવેલ સ્પેશીફીકેશન મુજબ કરી એનો "ATR" સંબંધિત કાર્યપાલક ઇજનેરશ્રીએ તૈયાર કરી જે તે ગુણવત્તા નિયમનં વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રીની ફરીથી સ્થળ મુલાકાત કરાવશે અને ગુણવત્તા નિયમન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રી પૂર્તતા સાથે સહમત હોય તો અહેવાલ અધિક્ષક ઇજનેરશ્રી, ગુણવત્તા નિયમન વિભાગને સાદર કરશે. અધિક્ષક ઇજનેરશ્રી, ગુણવત્તા નિયમન વિભાગ પૂર્તતા અહેવાલ યોગ્ય હશે તો રીગ્રેડ એટલે "SRI/U" માંથી "S" માટે ભલામણ કરશે. ત્યારબાદ સદરહુ પૂર્તતા અહેવાલ સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રી મારફત સંબંધિત મુખ્ય ઇજનેરશ્રીને સાદર કરવાનો રહેશે. સંબંધિત મુખ્ય ઇજનેરશ્રીએ સદરહુ "ATR" મુખ્ય ઇજનેરશ્રી ગુણવત્તા નિયમન વિભાગને પૂર્તતા ગ્રાહ્ય રાખી "S" ગ્રેડીંગ આપવા માટે ભલામણસહ સાદર કરવાનો રહેશે. ગુણવત્તા નિયમન વિભાગમાંથી પૂર્તતા ગ્રાહ્ય રાખી "S" ગ્રેડીંગનું પ્રમાણપત્ર મળ્યા બાદ જ સમગ્ર કામનું બાકીનું ચૂકવણું કરવાનું રહેશે.

ઉપરોકત સુચનાનો અમલ ચુસ્તપણે તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

બિડાણ:-

(૧) રસ્તા, પુલ અને મકાનના કામોની ગુણવત્તા ચકાસણી માટેના નિયત પત્રકો

(૨) એ.ટી.આર.નું નિયત પત્રક

(એન.જી.પરમાર)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

(૯)

મકાનો તથા પુલોના આર.સી.સી. કામોમાં લોખંડના સળીયાના માપો લખવા તથા ચુકવણામાં લેપ લેન્થ ની લંબાઈ ગણતરીમાં નહીં લવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક:- PDW-10-2017-01-C
તા.૧૫-૦૨-૨૦૧૭

<u>પરિપત્ર:-</u>

મકાન, રસ્તા અને પુલોના કામોમાં આર.સી.સી. આઇટમોમાં સમાવિષ્ટ સ્ટીલ રેઇનફોર્સમેન્ટના માપો લખવા અને ચૂકવણા દરમ્યાન લેપની લંબાઇ ગણતરીમાં લેવામાં આવે છે. રેઇનફોર્સમેન્ટમાં લેપની વધુ સંખ્યાને પ્રોત્સાહન ન આપતા સળંગ રેઇનફોર્સમેન્ટ (સળીયા) જ મહદઅંશે વપરાય એ તાંત્રિક રીતે વધુ યોગ્ય છે.

MORT&H સ્પેશીફીકેશનના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ રેઇનફોર્સ (સળીયા)ના ચૂકવણામાં લેપની લંબાઇના માપો ગણતરીમાં લેવામાં આવતા નથી. (Section 1608)

MORT&H સ્પેશીફીકેશનના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ માર્ગ અને મકાન વિભાગ હેઠળ મકાન, રસ્તા અને પુલના રેઇનફોર્સ (સળીયા)ના સ્પેશીફીકેશનમાં Mode of Measurement & Payment માં હવે પછી નીચે મુજબના ફેરફાર કરવા આથી સુચના આપવામાં આવે છે.

| **<u>EXISTING ITEM</u>** | **<u>PROPOSED AMENDMENT</u>**<br>**(As per MORT&H Speciafication Item No.1608)** |
|---|---|
| <u>મકાનના સ્પેશીફીકેશન</u><br>**5.4.10** Providing an Mild Steel reinforcement for R.C.C. work including bending binding and placing in position etc. complete up to floor two level.<br><br>**5.4.11** High yield deform bars steel reinforcement for R.C.C. work including bending, binding and placing in position complete up to floor two level.<br><br>**3.2** Reinforcement shall be measured in length including overlaps, separately for different diameters as actually used in the work. Where welding or coupling is resorted to in place lap joints, such | <u>મકાનના સ્પેશીફીકેશન</u><br>**5.4.10** Providing an Mild Steel reinforcement for R.C.C. work including bending binding and placing in position etc. complete up to floor two level.<br><br>**5.4.11** High yield deform bars steel reinforcement for R.C.C. work including bending, binding and placing in position complete up to floor two level.<br><br>***3.2 Reinforcement shall be measured in length including hooks, if any, separately for differenct diameters as actually used in work, excluding overlaps. From the length so*** |

(2)

| | |
|---|---|
| joints shall be measured for payment as equivalent length of overlap as per design requirement. From the length so measured, the weight of reinforcement shall be calculated in tones on the same basis of as per M-18 even though steel is supplied to the contractor by the department on actual weight. Length shall include hooks at the ends Wastage and annealed steel wire for binding shall not be measured and the cost of these items shall be deemed to be included in the rate for reinforcement. | ***measured, the weight of reinforcement shall be calculated in tonnes on the basis of IS: 1732. Wastage, overlaps, couplings, welded joints, spacer bars, chairs, stays, hangers and annealed steel wire or other methods for binding and placing shall not be measured and cost of these items shall be deemed to be included in the rates for reinforcement.*** |
| **EXISTING ITEM** | **PROPOSED AMENDMENT**<br>**(As per MORT&H Speciafication Item No.1608)** |
| રસ્તાના સ્પેશીફીકેશન<br>**Item No. 39** : Providing steel reinforcement.<br>a) Providing and placing in position mild steel bar reinforcement including cutting, bending, hooking and tying complete as per details.<br>b) High yield strength deformed bars reinforcement.<br>**(10)** Reinforcement shall be measured in length separely for different diameters as actually used in the work, from the length so measured the weight of reinforcement shall be calculated in tones on the same basis of IS : 1732 even though steel is suppled to the contractor by the Department on actual wieghment. Length shall ilcude hooks at ends. Wastege and annealed steel wire for binding shall not be measured and cost of thes items shall be deemed to be | રસ્તાના સ્પેશીફીકેશન<br>**Item No. 39** : Providing steel reinforcement.<br>a) Providing and placing in position mild steel bar reinforcement including cutting, bending, hooking and tying complete as per details.<br>b) High yield strength deformed bars reinforcement.<br>***(10) Reinforcement shall be measured in length including hooks, if any, separately for differenct diameters as actually used in work, excluding overlaps. From the length so measured, the weight of reinforcement shall be calculated in tonnes on the basis of IS: 1732. Wastage, overlaps, couplings, welded joints, spacer bars, chairs, stays, hangers and annealed steel wire or*** |

(3)

| | |
|---|---|
| included in the rates for reinforcement. | *other methods for binding and placing shall not be measured and cost of these items shall be deemed to be included in the rates for reinforcement.* |
| <u>પુલના સ્પેશીફીકેશન</u><br>**Item: 21** –Providing<br>(A) Mild Steel Reinforcement<br>(B) High Yield Strength Deformed bars, reinforcements.<br>(10) Reinforcement shall be measured in length including overlaps, separately for different diameter, as actually used in the work, where welding or coupling is restored to, in place of lap-joints, such joints shall be measured for payment as the equivalent length of over lap as per design requirement. From the length so measured the weight of reinforcement shall be calculated in tones on the same basis of IS 1732 even though steel is supplied to the contractor by the Department on actual weighment. Length shall include hooks at ends. Wastage and annealed steel wire for binding shall not be measured and cost of these items shall be deemed to be included in the rates for reinforcement. | <u>પુલના સ્પેશીફીકેશન</u><br>**Item: 21** –Providing<br>(A) Mild Steel Reinforcement<br>(B) High Yield Strength Deformed bars, reinforcements.<br>***(10) Reinforcement shall be measured in length including hooks, if any, separately for differenct diameters as actually used in work, excluding overlaps. From the length so measured, the weight of reinforcement shall be calculated in tonnes on the basis of IS: 1732. Wastage, overlaps, couplings, welded joints, spacer bars, chairs, stays, hangers and annealed steel wire or other methods for binding and placing shall not be measured and cost of these items shall be deemed to be included in the rates for reinforcement.*** |

(એન. જી. પરમાર)
ખાસ ફરજ પરના અધિકારી(વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

(૪) પ્રતિ,

1) અંગત સચિવશ્રી, સચિવશ્રીનું કાર્યાલય, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
2) અંગત સચિવશ્રી, સચિવશ્રીનું કાર્યાલય, નર્મદા, જ.સં. પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
3) અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રીનું કાર્યાલય, આરોગ્ય, પ.ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
4) અંગત સચિવશ્રી, અ. મુ. સચિવશ્રીનું કાર્યાલય, શહેરી વિકાસ, શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
5) અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રીનું કાર્યાલય, પંચાયત, ગ્રા.ગૃ. નિ. અને ગ્રા. વિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
6) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ
7) સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
8) સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ, નર્મદા, જ.સં. પા.પુ. અને ક. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
9) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ, નિર્માણ ભવન, ગાંધીનગર
10) મુ.ઈ. અને ડીરેકટરશ્રી, એન્જીનીયરીંગ સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર
11) ડીરેકટરશ્રી, ગુજરાત એન્જીનીયરીંગ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (ગેરી), વડોદરા
12) ઉપ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, તકેદારી ભવન, ગાંધીનગર
13) નાણાં સલાહકારશ્રી, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
14) સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ, મા.મ.વિભાગ (રાજ્ય, પંચાયત, ને.હા., પાટનગર યોજના વર્તુળ, વિદ્યુત વર્તુળ સહિત)
15) સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ, (ઉક્ત વર્તુળ હેઠળના.)
16) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
17) સર્વે તાંત્રિક શાખાઓ, મા.મ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
18) પ્રમુખશ્રી, ગુજરાત કોન્ટ્રાકટર્સ એસોસીએશન, ગજ્જર હોલ, લો ગાર્ડન, લો કોલેજ રોડ, અમદાવાદ
19) શાખા સીલેકટ ફાઈલ – ૨૦૧૭

જે ઈજારદારો રજીસ્ટ્રેશન ધરાવતા હોય
તેમના જ ટેન્ડર ખોલવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૧૦-૨૦૧૬-(FA-591-16)-૦૨-સી
સચિવાલય, ગાંધીનગર
તા.૦૩-૦૯-૨૦૧૬

વંચાણે લીધા:- (૧) ઠરાવ ક્રમાંક:- આરજીએન-૬૦૮૯-૮-પાર્ટ-૧-સી તા.૨૭-૦૧-૧૯૯૮
(૨) ઠરાવ ક્રમાંક:- આરજીએન-૬૦૮૯-૮-પાર્ટ-૧-સી તા.૦૬-૦૮-૨૦૧૧

**પરિપત્ર :-**

કેટલીક મા.મ. વિભાગીય કચેરીઓ દ્વારા કોન્ટ્રાકટર તરફથી રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રીન્યુઅલની અરજી કરવામાં આવેલ હોય, પણ તેમનું રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રજીસ્ટ્રેશન જેતે ટેન્ડર ખોલવાની તારીખે ન મળેલ હોય / આપવામાં આવેલ ન હોય તેમ છતાં તેમનાં ટેન્ડર ખોલવામાં આવેલ હતાં. પરિણામે આ ટેન્ડર ફરીવાર મંગાવવાના થાય છે તેમજ તેના કારણે કામના અમલીકરણમાં વિલંબ થાય છે. આથી હવે આ બાબતે નીચે મુજબની કાર્યપધ્ધતિ ચુસ્તપણે અમલમાં મુકવાની રહેશે.

કાર્યપાલક ઇજનેરશ્રી/અધિક્ષક ઇજનેરશ્રી ધ્વારા ટેન્ડર ખોલવાની તારીખે જે ઇજારદારો જેતે ટેન્ડર માટે પાત્રતા પ્રમાણેની કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા હોય તેમજ જેતે ટેન્ડર માટેની જરૂરી કેટેગરી/સ્પેશ્યીલ કેટેગરીમાં પણ રજીસ્ટ્રેશન ધરાવતાં હોય, આમ આ બન્ને શરતો પુર્ણ કરતા હોય તેવા ઇજારદારોના જ ટેન્ડર ખોલવાનાં રહેશે.

ટેન્ડર ખોલવાની તારીખે જે ઇજારદારની રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પુર્ણ થયેલ ન હોય, તેમનાં ટેન્ડર ખોલવાનાં રહેશે નહી. તેમ છતાં આ પ્રકારનાં પાત્રતા ન ધરાવતાં ઇજારદારોનાં ટેન્ડર ખોલવામાં આવશે તો સબંધિતોની જવાબદારી નક્કી કરવામાં આવશે તેની ગંભીરતાથી નોંધ લેવી.

આ પરિપત્ર ગુજરાત રાજ્ય બહાર રજીસ્ટર્ડ થયેલ કોન્ટ્રાક્ટર ધ્વારા જો ગુજરાતમાં વિભાગના કામોના ટેન્ડર ભરેલ હોય, તેવા કિસ્સામાં લાગુ પડશે નહીં.

(એ. એન. મિસ્ત્રી)
ઉપ સચિવ(રા.ર.)
માર્ગ અને મકાન

નકલ રવાના :-

(૧) મા.નાયબ મુખ્ય મંત્રીશ્રી અને મંત્રીશ્રી (મા.મ.) વિભાગના અંગત સચિવશ્રીની જાણ સારૂ.

(૨) મા.રા.ક..મંત્રીશ્રીનાં અંગત સચિવશ્રીની જાણ સારૂ.

(૩) મુ.ઇ.(મા.મ.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) મુ.ઇ.(પંચા.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) મુ.ઇ.(ને.હા.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) મુ.ઇ.(પા.યો.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) મુ.ઇ.(ગુ.નિ.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) નિયામકશ્રી (એસટીસી) સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર

(૯) મુ.ઇ.શ્રી (પી એન્ડ પી), મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૦) નાણાંકીય સલાહકારશ્રી, (મા.મ.) વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૧) સર્વે અ.ઇ.શ્રીઓ (મા.મ.) વર્તુળ, પેટા/ મા.મ.વર્તુળ/ ને.હા.વર્તુળ/ એક્સપ્રેસ –વે – વર્તુળ/ પાટનગર યોજના વર્તુળ.

(૧૨) સર્વે કા.ઇ.શ્રીઓ ઉપર્યુક્ત વર્તુળો હસ્તકના સર્વે વિભાગો.

(૧૩) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઇ.શ્રીઓ સહિત)

(૧૪) સર્વે પ્રોજેક્ટ શાખાઓ મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૫) સીલેક્ટ ફાઇલ સી - શાખા, ૨૦૧૬

**જે કામ માટે એકજ ટેન્ડર આવેલ હોય તે ટેન્ડર પુન : માંગવા બાબત**

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
સુચના ક્રમાંક : TNC-10-2017-03-C(R&B)
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૦૨/૨૦૧૭

સંદર્ભ :– પીડીડબલ્યુ / ૧૦૨૦૦૭ / (ભાગ – ૧) સ

**પ્રસ્તાવના :–**

અનુભવે પ્રસ્થાતિપ થયેલ છે કે, બાંધકામની કામગીરી માટે જાહેર નિવિદાથી ટેન્ડર માંગવામાં આવે છે ત્યારે કેટલીક વાર એક જ ઈજારદાર દ્વારા ટેન્ડર ભરવામાં આવે ત્યારે આ ટેન્ડર વિભાગીય કક્ષાએ ખોલ્યા બાદ વર્તુળ કચેરીમાં તથા કેટલાંક કિસ્સામાં સરકારમાં મંજુરી અર્થે રજુ કરવામાં આવે છે, તેમજ કેટલીક વાર ટેન્ડર નામંજુર કરી પુનઃ માંગવાનો નિર્ણય કરવામાં આવે છે.

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની માર્ગ દર્શિકા પ્રમાણે પ્રથમવારનું સીગલ ટેન્ડર નહી ખોલવા અને આવું સીંગલ ટેન્ડર ફરીથી માંગવાની કાર્યવાહી કરવાની રહે છે. કેન્દ્રીય તકેદારી આયોગની માર્ગદર્શિકા મુજબ પણ એક માત્ર ટેન્ડર આવેલ હોય, તેવા કિસ્સમાં આવુ ટેન્ડર મંજુર નહી કરીને ફરીથી માંગવાની કાર્યવાહી કરવાની રહે છે અને ત્યાર પછીના પ્રયત્નોમાં પણ એક જ ટેન્ડર આવે તો આવુ ટેન્ડર જો વ્યાજબી ભાવ વાળું હોય તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા વિચારણા કરી શકાશે.

**ઠરાવ :–**

પુખ્ત વિચારણાને અંતે ઉકત સંજોગોમાં નીચે મુજબની કાર્યપધ્ધતિ નકકી કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) જે કામ / પેકેજ માટે માત્ર એક જ ટેન્ડર ભરાઈને આવેલ હોય તેવા કામ / પેકેજના ટેન્ડરને Single Tender ગણવાનું રહેશે. આ પ્રકારના કિસ્સામાં ટેન્ડર ખોલવાનું રહેશે નહી તથા ટેન્ડર પુન : માંગવાનું રહેશે. માત્ર વિશિષ્ટ સંજોગો, જેવા કે કુદરતી આપત્તી અને તાકીદની પરિસ્થિતિમાં માંગેલ ટેન્ડરોમાં પુરતાં કારણો તેમજ અભિપ્રાય સાથે Single Tender સ્વીકારવા માટે રજુ કરવામાં આવે તો તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા બાબતે વિચારણાં કરી શકાશે.

(૨) બીજી વાર માંગવામાં આવેલ ટેન્ડરમાં પણ જો એક જ ટેન્ડર ભરાઈને આવે, તો તે ખોલીને આવુ ટેન્ડર જો વ્યાજબી ભાવ વાળું હોય તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા બાબતે વિચારણા કરવાની રહેશે.

આ હુકમો તાત્કાલીક અસરથી અમલમાં આવે છે આ ઠરાવ નાણા વિભાગની ફાઈલ ક્રમાંક : ટીઈએન / ૨૦૧૬ / એફએ (મા.મ.) પર મળેલ સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.એન. મિસ્ત્રી)
ઉપ સચિવ (રા.૨)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

માન.મંત્રીશ્રી (મા.મ.) ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર

માન. રા.ક.મંત્રીશ્રી(મા.મ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર

માન. .મંત્રીશ્રી(ન.જ. એન પ્રા.પુ અને કલ્પસર વિભાગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

નર્મદા અને જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગન, સચિવાલય ગાંધીનગર

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલ, ઓડીટ – ૧, ઓડીટ ભવન, નવરંગપુરા અમદાવાદ – ૯.

એકાઉન્ટન્ટ જનરલ, ઓડીટ – ૨, રેસકોર્ષ, રાજકોટ

એકાઉન્ટન્ટ જનરલ,(એ એન્ડ ઈ), રેસકોર્ષ, રાજકોટ

ડેપ્યુટી એકાઉન્ટન્ટ જનરલ (એ એન્ડ ઈ), પાંચમો માળ, ઓડીટ ભવન નવરંગપુરા, અમદાવાદ – ૯

સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર

સર્વે અ.ઈ.શ્રીઓ / મા.મ. વિભાગ, પંચાયત (મા.મ.) વર્તુળ, / રા.ધો.મા.મ. વર્તુળ/ રા.મા. યોજના વર્તુળ/ પા.યોજના વર્તુળ / એ.વે. વર્તુળ / વિધુત વર્તુળ સહિત.

સર્વે કા.ઈ.શ્રીઓ, ઉપરોકત વર્તુળ હેઠળના સર્વે વિભાગ

નિયામકશ્રી, ગેરી વડોદરા

મેનેજિંગ ડિરેકટરશ્રી, ગુ.રા.મા. વિકાસ નિગમ લી. ગાંધીનગર

મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત મેરીટાઈમ બોર્ડ સે.૧૦, ગાંધીનગર.

નિયામકશ્રી ઉપવન બગીચા, ગાંધીનગર

નાણાંકીય સલાહકારશ્રી, મા.મ વિભાગ, ગાંધીનગર

સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઈશ્રીઓ સહિત) મા.મ વિ, સચિવાલય, ગાંધીનગર

સર્વે પ્રોજેકટ શાખાઓ, મા.મ. વિ. સચિવાલય, ગાંધીનગર

સીલેકટ ફાઈલ – ૨૦૧૭

**કામના ટેન્ડર ફરીથી મંગાવવામાં આવે**
**ત્યારે રાખવાનીથતી તકેદારી**

ગુજરાત સરકાર,
સુચનાક્રમાંક : TNC-10-2015-01-C
માર્ગ અનેમકાનવિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૫/૦૮/૨૦૧૫

સંદર્ભ :– ગુજરાત તકેદારી આયોગના તા.૨૩/૦૮/૨૦૧૦ ના પત્ર ક્ર. જીએમબી–૧૧૨૦૦૭–૨૫૧૧૫૩–ઈ

**આમુખઃ–**

ગુજરાત તકેદારી આયોગના ધ્યાને આવેલ કિસ્સા મુજબ પહેલા ઈજારદાર પોતાની ક્ષમતા બહારના નીચા ભાવો ભરે અને ત્યાર પછી ઈજારદાર ટેન્ડરમાં બીનપોષણક્ષમ ભાવો ભર્યા હોવાથી, કામ નહી કરી શકે તેવા કારણોસર ટેન્ડર રદ કરાયેલ હોય અથવા વેલીડીટી પીરીયડમાં ટેન્ડર સ્વીકારેલ હોઈ અને પુરતી તક મળ્યા છતાં ઈજારદારશ્રી સીકયોરીટી ડિપોઝીટ ન ભરે, એટલે કે પીછેહઠ કરે ત્યારે, અને વ્યાજબી કારણો વગર ઈજારદારશ્રી ચાલુકામ અધુરા છોડે અને કરાર રદ થાય તો આવા સંજોગો માત્ર ઈજારદારશ્રીના જ કારણોસર ઉદભવ્યા ગણાય. આ સ્થિતિમાં કામના ટેન્ડર ફરીથી માંગવામાં આવે ત્યારે રદ કરાયેલ ટેન્ડર / કરારના સંબંધિત ઈજારદારશ્રી પુન : ટેન્ડર ભરી શકે છે, જે ભુલ કરનાર ટેન્ડર ભરનારની તરફદારી કરવા સમાન હોઈ ઈચ્છનીય નથી.

ઉપરોકત બાબત અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની આથી સુચના આપવામાં આવે છે અને આ સુચનાનું ચુસ્તપણે પાલન કરવા સર્વે સંબંધિતોને જણાવવામાં આવે છે.

**સુચનાઃ–**

નીચે જણાવેલ કિસ્સાઓમાં જો માત્ર ઈજારદારશ્રીના કારણોસર ટેન્ડર ફરીથી માંગવામાં આવે તો જે ઈજારદારશ્રીનું ટેન્ડર રદ કરવામાં આવેલ હોય, તે ઈજારદારશ્રી કોઈપણ પ્રકારે તે જ કામના પુનઃ માંગેલ ટેન્ડરમાં ભાગ લઈ શકશે નહી.

(૧) પ્રથમ માંગેલ ટેન્ડરમાં ઈજારદારશ્રી પોતાની ક્ષમતા બહારના નીચા ભાવો ભરે અને ઈજારદારશ્રી પાસેથી આ ભાવોનું પૃથ્થકકરણ માંગવવામાં આવે અને જો ઈજારદારશ્રી તે જણાવેલ સમયમર્યાદામાં ન આપે અને તે ટેન્ડર બિનપોષણક્ષમ ભાવ ગણી રદ કરી ફરીથી માંગવામાં આવે તે સંજોગોમાં.

(૨) પ્રથમ માંગેલ ટેન્ડર તેની વેલીડીટી પીરીયડમાં સ્વીકારવામાં આવેલ હોય અને પુરતી તક આપવા છતાં ઈજારદારશ્રી સીકયુરીટી ડિપોઝીટ ન ભરે અને કામમાંથી પીછેહક કરે તે સંજોગોમાં.

(૩) વ્યાજબી કારણો વગર ઈજારદારશ્રી ચાલુ કામ અધુરુ છોડે અને કરાર રદ થાય તે સંજોગોમાં.

(આર.કે. ચૌહાણ)
ખાસ ફરજપરનાઅધિકારી(વિ.યો.)
માર્ગ અનેમકાનવિભાગ

પ્રતિ,

૧. સચિવશ્રી,માર્ગ અને મકાન વિભાગના અંગત સચિવશ્રી,નવા સચિવાલય,ગાંધીનગર

૨. અગ્રસચિવશ્રી, શહેર વિકાસ અને શહેરીગૃહનિર્માણવિભાગના અંગત સચિવશ્રી,નવા સચિવાલય,ગાંધીનગર

૩. સચિવશ્રી,નર્મદા અને જળ સંપતિ અને પાી પુરવઠાવિભાગના અંગત સચિવશ્રી,નવા સચિવાલય,ગાંધીનગર

૪. સચિવશ્રી,આરોગ્ય અને પરીવાર કલ્યાણવિભાગના અંગત સચિવશ્રી,નવા સચિવાલય ગાંધીનગર

૫. સચિવશ્રી, પંચાયત,ગ્રામગૃહનિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી,નવા સચિવાલય ગાંધીનગર

૬. સચિવશ્રી, ગુજરાત તકેદારીઆયોગ,ગાંધીનગર(અલગપત્રથી)

૭. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુ.રા.મા. વિકાસ નિગમ લી. ગાંધીનગર

૮. મુખ્યકારોબારી અધિકારી, ગુજરાત મેરીટાઈમબોર્ડ સે.૧૦ ગાંધીનગર

૯. સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ,માર્ગ અને મકાનવિભાગ, સચિવાલય,ગાંધીનગર

૧૦. નિયામકશ્રી, ગેરીવડોદરા

૧૧. નિયામકશ્રી,ઉપવનબગીચા,ગાંધીનગર

૧૨. એકાઉન્ટન્ટજનરલશ્રી, ગુજરાતઅમદાવાદ

૧૩. એકાઉન્ટન્ટજનરલશ્રી, ગુજરાતરાજકોટ

૧૪. નાયબ સચિવશ્રી(તપાસ),માર્ગ અને મકાનવિભાગ, સચિવાલય,ગાંધીનગર

૧૫. નાણાંકીય સલાહકારશ્રી,મા.મ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર

૧૬. સર્વે અ.ઈ.શ્રીઓ / મા.મ. વ / પંચાયત(મા.મ.) વર્તુળ, રા.ધો.મા.મ. વર્તુળ /રા.મા.યોજના વર્તુળ / પાટનગરયોજના વર્તુળ / એ.વે. વર્તુળ / વિદ્યુત વર્તુળ સહિત

૧૭. સર્વે કા.ઈ.શ્રીઓ,ઉપરોકત વર્તુળ હેઠળના સર્વે વિભાગ

૧૮. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઈશ્રીઓ સહિત) મા.મ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર

૧૯. સર્વે પ્રોજેકટશાખાઓ,મા.મ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર

૨૦. ક – શાખ,ક–૧ શાખા, ઈ–૧ શાખા,માર્ગ અનેમકાનવિભાગ, સચિવાલય,ગાંધીનગર

૨૧. સીલેકટ ફાઈલ – ૨૦૧૫

**પરફોર્મન્સ બોન્ડ તથા જામીન અનામત પેટે બેંક ગેરંટી મેળવવા બાબત**

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
સુચના ક્રમાંક : ટીએનસી–૧૦–૨૦૧૩–૩–(ભાગ–૧)–સી
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૧૧/૨૦૧૩

વંચાણે લીધો ઠરાવ ક્રમાંક :– ટીએનસી–૧૦૯૬/આઈબી/૧૦/(૧૧)/સ, તા.૩૧/૦૩/૧૯૯૯

**આમુખ:–**

વંચાણે લીધેલ પરિપત્ર મુજબ હાલમાં ૧૫ લાખ કે તેથી વધુ રકમની કામોમાં ઈજારદારશ્રી પાસેથી પરફોર્મન્સ બોન્ડ લેવાની જોગવાઈ છે. પરંતુ હવે મોટા ભાગના કામો ૧૫ લાખ થી વધુ રકમના હોય છે અને ચાલુ મરામતના કામો પણ હવે ૧૫ લાખથી વધુ રકમના હોય છે. આ બાબતે કોન્ટ્રાકટર્સ એસોસીએશન તરફથી પણ પરફોર્મન્સ બોન્ડ માટે કામની રકમની મર્યાદા વધારવા માટેની રજુઆત કરવામાં આવેલ છે. આથી વહીવટી સરળતા અને અનુકુળતા જળવાય તે હેતુસર પરફોર્મન્સ બોન્ડ માટે કામની રકમમાં ફેરફાર કરવાનું સરકારશ્રીની વિચારણા હેઠળ હતું.

**પરિપત્ર :–**

પુખ્ત વિચારણાને અંતે નકકી થયેલ છે કે, હવે રૂા.૧૫ લાખ કે તેથી વધુ રકમને બદલે રૂા.૩૦ લાખ કે તેથી વધુ રકમના સરકારી કામોમાં ઈજારદારશ્રી પાસેથી પરફોર્મન્સ બોન્ડ લેવાના રહેશે.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નોંધ પર નાંણા વિભાગની તા.૨૨/૦૯/૨૦૧૩ ના રોજથી મળેલ સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આર.કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

માન.મંત્રીશ્રી (મા.મ.) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (મા.મ.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ સચિવાલય, ગાંધીનગર

માન. રા.ક.મંત્રીશ્રી(મા.મ.)ના અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી(મા.મ.)નું કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, (મા.મ) ના અંગત સચિવશ્રી, માર્ગ અને મકા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, (મા.મ.) નાંણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, (મા.મ.) , નર્મદા અને જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, (મા.મ.) , આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગન, સચિવાલય ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, (મા.મ.) , પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ, અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર

અગ્ર સચિવશ્રસ,(મા.મ.), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રસ,(મા.મ.), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય ગાંધીનગર

અગ્ર સચિવશ્રસ,(મા.મ.), બંદરો અને મત્યોદ્યોગ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સચિવાલયના સર્વે વિભાગ, સચિવાલય ગાંધીનગર (અગ્ર સચિવશ્રી સિવયા)

સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત અમદાવાદ

એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજકોટ

નાણાંકીય સલાહકારશ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સર્વે ખાતાના વડા, માર્ગ અને મકાન વિભાગ

સર્વે કા.ઈ.શ્રીઓ, ઉપરોકત વર્તુળ હેઠળના સર્વે વિભાગ

સર્વે અધિકારીશ્રીઓ માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સર્વે શાખાઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

સીલેકટ ફાઈલ – ૨૦૧૩

---

આ વિભાગોએ આ ઠરાવની નકલ તેમના વિભાગના હેઠળના સ્થાનિક અધિકારીરીઓને જાણ તથા માર્ગદર્શન માટે આપવા વિનંતી

ટેન્ડર ભરેલ અસામાન્ય ઊંચા ભાવોના સંદર્ભે કામ પર પડતા ખર્ચ પર નિયંત્રણ રાખવા તથા કામની નાણાં પ્રગતિ સાથે સુમેળમાં રહે તે માટે જરૂરી જોગવાઈ કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક :– પરચ – ૧૦૨૦૦૮– (૬૧) – સી
તા.૦૩/૦૫/૨૦૧૩

વંચાણે લીધા :– પરિપત્ર ક્રમાંક : પરચ – ૧૦૨૦૦૮– (૬૧) – સી, તા.૨૭/૧૧/૨૦૦૮

**આમુખ :–**

ટેન્ડરમાં ઈજારદારશ્રીઓ દ્વારા ભરાતા Imbalance ભાવો વાળા ટેન્ડરના કિસ્સામાં ઈજારદારશ્રીઓ દ્વારા ઉંચા ભાવની કામગીરી કર્યા બાદ નીચા ભાવની આઈટમોની કામગીરી ન કરવામાં આવે તેવી પરિસ્થિતિ પર નિયંત્રણ રાખવા માટેતા.૨૭/૧૧/૨૦૦૮ નો પરિપત્ર જરૂરી જોગવાઈ સાથે બહાર પાડવામાં આવેલ. આ પરિપત્ર અંગ વિવિધ સ્તરોએ થયેલ રજુઆતોને ધ્યાને લેતાં અને તેના પર પુખ્ત વિચારણાના અંતે આ પરિપત્રના બીજા ફકરાની છેલ્લી લીટી " આ રીતે વીથહેલ્ડ રાખેલ રકમ કામ સંપોષકારક રીતે પૂર્ણ થયે ફાઈનલ બીલ મંજુર કરતી વખતે વ્યાજભારણ વગર છૂટી કરવામાં આવશે " તેની જગ્યાએ નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

**સુધારો :–**

" આ રીતે વીથહેલ્ડ રાખેલ રકમ અસાધારણ નીચા ભાવ ભરેલ હોય તેવી આઈટમની નાણાંકિય પ્રગતિના પ્રમાણસર રનીંગ બીલમાંથી છૂટી કરવાની રહેશે. જે કિસ્સામાં અસાધારણ નીચા ભાવ ભરેલ કોઈપણ આઈટમ ન હોય તેવા કિસ્સામાં અસાધારણ ભાવો ભરેલ આઈટમની સામે વીથહેલ્ડ રાખેલ રકમ બાકી રહેતી કામગીરી થાય તેના પ્રમાણસર રનીંગ બીલમાંથી છુટી કરવાની રહેશે."

વધુમાં વંચાણે લીધેલ પરિપત્ર ના ઉદાહરણમાં દર્શાવેલ ક્રમાંક – ૮ રદ કરવામાં આવે છે.

ઉપરોકત સુધારાનો અમલ આ પરિપત્રની તારીખ પછી મંજુર થતા ડી.ટી.પી. માં અચુકપણે કરવાનો રહેશે.

(આર.કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,
સર્વે અધિક્ષક ઈજનેરશ્રી, મા.મ. વિભાગ (પાટનગર યોજના વર્તુળ, નેશનલ હાઈવે વર્તુળ સહિત).
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ (પંચાયત) મા.મ. વિભાગ
સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ મા.મ. વિભાગ
સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ (પંચાયત) મા.મ. વિભાગ

નકલ રવાના :–

૧. અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૨. સર્વે મુખ્ય ઈજનેર અને અ.શ્રીઓ, મા.મ. વિભાગ
૩. સર્વે તાંત્રિક ઉપસચિવશ્રીઓ, મા.મ. વિભાગ
૪. ના.કા.ઈ.શ્રી, મા.મ. વિભાગ,
૫. નાણાં શાખા, મા.મ. વિભાગ
૬. ના.સે.અ, સી શાખા, મા.મ. વિભાગ, સિલેકટ ફાઈલ
૭. શાખા સિલેકટ ફાઈલ – ૨૦૧૩

રસ્તા પુલો તથામકાનો બાંધકામની વિગતો તથા સ્પેસીફીકેશન અંગેના બોર્ડ કામના સ્થળ ઉપર મુકવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાનવિભાગ
ક્રમાંક : ટીએનસી–૧૦૯૦–૨૪–સ–પાર્ટ ફાઈલ,
સચિવાલય,ગાંધીનગર
તા.૦૫/૦૩/૨૦૧૧

સંદર્ભ :– ૧) જા. બાં. વિ. નો પરિપત્ર ક્રમાંક : બીડીજી–૩૨૭૭–(૧૬૫)–ન, તા.૨૬/૦૪/૧૯૭૮
૨) મા. મ. વિ. નો ઠરાવ ક્રમાંક : ટીએનસી–૧૦૯૦–૨૪–સ, તા.૨૭/૧૧/૧૯૯૦
૩) મા. મ. વિ. નો ઠરાવ ક્રમાંક : ટીએનસી–૧૦૯૦–૨૪– સ, તા.૧૮/૧૧/૧૯૯૧
૪) મા. મ. વિ. નો ઠરાવ ક્રમાંક : ટીએનસી–૧૦૯૦–૨૪–સ, તા.૨૨/૦૭/૧૯૯૮
૫) મુખ્ય ઈજનેરશ્રી (ગુ.ની.) અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ગુની / જન / ૪૮૪ / ૧૦, તા.૨૮/૧૦/૨૦૧૦
૬) જાહેર હિસાબ સમિતીની તા.૦૪/૦૧/૨૦૧૧ ની બેઠક

## પરિપત્ર

માર્ગ અને મકાન વિભાગના સંદર્ભ હેઠળના ઠરાવો / પરિપત્રથી રસ્તા, પુલો અને મકાનોના કામોના વર્ક ઓર્ડર આપ્યા બાદ તુર્ત જ કામના સ્થળે કામની વિગતો તથા સ્પેસીફીકેશન દર્શાવતુ બોર્ડ ઈજારદારશ્રીના સ્વખર્ચે મુકવાની સુચના આપવામાં આવેલ છે. તા.૧૮/૧૧/૯૧ ના ઠરાવ અનુસાર આ બોર્ડ મુકવાની શરત ટેન્ડરના ભાગ તરીકે ગણવા પણ ઠરાવ કરવામાં આવેલ છે.

૨. તા.૦૪/૦૧/૨૦૧૧ ના રોજ યોજાયેલ જાહેર હિસાબ સમિતીની બેઠકમાં સુચવ્યા પ્રમાણે સંદર્ભીત–૫ ના પત્રથી ગુજરાત તકેદારી આયોગ દ્વારા કરવામાં આવેલ નીચે મુજબની ભલામણોનો પણ ચુસ્તપણે અમલ કરવા આથી જણાવવામાં આવે છે.

(૧) જાહેર બાંધકામો (ખાસ કરીને રૂ.પાંચ લાખથી વધુ કિંમત) ના કામની વિગતો તથા સ્પેસીફીકેશન દર્શાવતા બોર્ડ મુકવા જરૂરી છે.

(૨) આવા બોર્ડ ઈજારદારશ્રીના ખર્ચે લગાવવાની જોગવાઈ ટેન્ડરમાં રાખવામાં આવે.

(૩) આ બોર્ડમાં કામને સબંધિત કાર્યપાલક ઈજનેરનું સરનામું, ફોન નંબર, ફેકસ નંબર અને કામ શરૂ થવાની તારીખ થી કામ પૂર્ણ થવાની તારીખ, ઈજારદારશ્રીનું નામ, તકલીફ હોય તો કોને મળવું તેની વિગતો સહિત તમામ વિગતોનો સમાવેશ કરવો.

(૪) ઈજારદારશ્રી નિયત સ્થળે બોર્ડ લગાવીને ફોટોગ્રાફસ સહિતનો અહેવાલ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને કાર્યપાલક ઈજનેરશ્રીની જાણ હેઠળ ન કરે ત્યાં સુધી હંગામી ધોરણે અમુક રકમ (૦.૨૫ થી ૧% જેટલી) રોકી રાખવાની કરારમા જોગવાઈ કરવી.

(૫) મકાન જેવા સીમીત ક્ષેત્રફળ માટે એક બોર્ડ મુકવું જરૂરી છે, જયારે રસ્તા, પુલો, પાણીની પાઈપ લાઈન, ગટર લાઈન, કેનાલ વિગેરે કામોમાં લંબાઈનો વ્યાપ વધુ હોય ત્યારે આવા કામોમાં એક કરતાં વધુ બોર્ડ (જનતાની અવર જવર વધુ હોય ત્યાં તેમજ બંને છેડા પર અને વચ્ચે) ટ્રાફિક સલામતીને ધ્યાને રાખી, બોર્ડ મુકવાની જોગવાઈ કરારમાં કરવી.

(૬) જાહેર બાંધકામ હાથ ધરતી તમામ સંસ્થાઓ ઉપરોકત ભલામણોનો અમલ કરે.

કાર્યપાલક ઈજનેરશ્રીએ કાળજી રાખવાનીરહેશે.

(આર. કે. ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

૧. સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ

૨. સર્વે અ.ઈ.શ્રીઓ / મા.મ.વ / પંચાયત ) મા.મ. (વર્તુળ / રા.ધો.મા.મ. વર્તુળ / રા.મા. યોજના વર્તુળ / પાટનગર / યોજના વર્તુળ / એ.વે. વર્તુળ / વિદ્યુત વર્તુળ સહિત.

૩. સર્વે કા.ઈ.શ્રીઓ ઉપરોકત વર્તુળ હસ્તકના સર્વે વિભાગ.

૪. સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ / ના.કા.ઈ.શ્રીઓ સહિત મા.મ.વિ, સચિવાલય,ગાંધીનગર

૫. સર્વે શાખાઓ મા.મ.વિભાગ, સચિવાલય,ગાંધીનગર

૬. માર્ગ અને મકાન વિભાગ હેઠળના સર્વે બોર્ડ / નિગમો

૭. સીલેકટ ફાઈલ – ૨૦૧૩